દિવ્ય ભાસ્કર
# ધર્મ દર્શન
સૌરાષ્ટ્ર સમાચાર
સોમવાર | 15 મે, 2017



2

અત્ર-તત્ર-સર્વત્ર: સર્વ સફળતાનો આધાર તમારું નક્ષત્ર



3

કલહ-કંકાશ થતો હોય તો આટલું અજમાવો



**ગોંડલમાં બિરાજેલાં માતા ભુવનેશ્વરીને બ્રહ્માંડની રાણી તરીકે ઓળખવામાં આવે છે. આખું બ્રહ્માંડ તેનું શરીર છે અને બધા માણસો તેના અનંત અસ્તિત્વ પરનાં આભૂષણો છે. મા ભુવનેશ્વરીના પ્રભાવથી વાતાવરણ પુનિત રહે છે**

પાટોત્સવ
હિમાંશુ પુરોહિત

# ભુવનેશ્વરી ગોંડલનું પીઠસ્થાન

**દેવીભાગવતમાં** વર્ણવ્યા અનુસાર ચિંતામણિ ગૃહમાં બિરાજતા માતાજીની જેમજ ગોંડલનાં શ્રી ભુવનેશ્વરી માતાજી છે. તેઓ ચાર હાથમાં માતાજીનાં વરદાન, પાશ, અંકુશ, અને અભય મુદ્રા ધારણ કરે છે. મુખ ઉપર મંદ મંદ સ્મિત છે, મા ભુવનેશ્વરીના પ્રભાવથી આસપાસનું વાતાવરણ પ્રભાવપૂર્ણ અને પુનિત રહે છે. ભુવનેશ્વરી માતાનું મંદિર સમગ્ર ભારતમાં બે જ છે. એક પ્રાચીન મંદિર દક્ષિણમાં તુંગભદ્રા નદીને કિનારે આવેલું છે અને બીજું ભારતની પશ્ચિમ દિશાએ સૌરાષ્ટ્રમાં ગોંડલમાં આવેલું છે. તેમાં પણ પીઠસ્થાન સાથેનું મા ભુવનેશ્વરીનું મંદિર તો ગોંડલનું એક માત્ર મંદિર જ છે જેની સ્થાપના ઇ.સ. ૧૯૪૬માં બ્રહ્મલીન જગતગુરુ આચાર્ય શ્રી ચરણતીર્થ મહારાજ દ્વારા કરવામાં આવી હતી. ભુવનેશ્વરી માતાજીની પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા પૂ. લીલાબાના વરદ હસ્તે થઇ છે.

હિંદુ ધર્મમાં ભુવનેશ્વરી દસ દસ મહાવીય દેવીઓની ચોથી અને ભૌતિક બ્રહ્માંડનાં તત્ત્વો તરીકે વિશ્વની રચના માટે આકાર આપતા દેવી અથવા દુર્ગાના એક પાસા છે. ‘ભુવનેશ્વરી શબ્દ ભવનાશ્વરી શબ્દનું સંયોજન છે, જેનો અર્થ ‘વિશ્વની દેવી‘ છે જ્યાં વિશ્વ ત્રિભુણ અથવા ભૂ (પૃથ્વી), ભુવ (વાતાવરણ) અને સેવા (સ્વર્ગ) ના ત્રણ પ્રદેશ છે.

ભુવનેશ્વરીને બ્રહ્માંડની રાણી તરીકે ઓળખવામાં આવે છે એટલે કે બ્રહ્માંડની રાણી અથવા શાસક. તે જગતની રાણી તરીકે જગત જનની છે. આખું બ્રહ્માંડ તેનું શરીર છે અને બધા માણસો તેના અનંત અસ્તિત્વ પરનાં આભૂષણો છે. તે પોતાના સ્વ-પ્રકૃતિનાં ફૂલો તરીકે તમામ વિશ્વોને વહન કરે છે. તેણી આમ સુંદરી અને બ્રહ્માંડની સર્વોચ્ચ નારી, રાજારાજેશ્વરી સાથે સંબંધિત છે. તે આદિશક્તિ અથવા દુર્ગા તરીકે પણ ઓળખાય છે. પ્રારંભિક શક્તિઓ પૈકીની એક. તેણી પોતાની ઇચ્છા મુજબ પરિસ્થિતિ સર્જન કરવા સક્ષમ છે. એવું માનવામાં આવે છે કે નવગ્રહ અને ત્રિમૂર્તિ પણ તેને કંઇ કરવાનું બંધન કરી શકતાં નથી.

ભુવનેશ્વરી એટલે કે સંસાર સમગ્ર ઐશ્વર્યની સ્વામિની. વૈભવી પદાર્થો દ્વારા મેળવવામાં સુખ-સાધનોનું કહેવું છે ઐશ્વર્ય-ઈશ્વરના ગુણો છે- તે આંતરિક આનંદનું સ્વરૂપ ઉપલબ્ધ છે. આ વૈભવનું સંસ્કરણ ચાલી રહ્યું છે તે માનવ અને ભૌતિક છે. ઐશ્વર્યની દૈવી આધ્યાત્મિક, ભાવનાત્મક છે. તેથી તેના આનંદનું સંભાવના તે જ પ્રમાણમાં વધારે છે. ભુવન ભરવાની

## ભુવનેશ્વરીનો મહિમા

**ઐશ્વર્યની ઉપલબ્ધિ પણ સ્વયં પુરુષાર્થથી જ શક્ય છે. વ્યાપક આશીર્વાદની અનુભૂતિ પ્રાપ્ત કરવા માટે ઉપાસનાશીલ પુરુષાર્થ કરવા પડે છે. ગાયત્રીની ઉપાસનામાં આ વિધાનોની અંતગર્તની જાતિ છે તેને ‘ભુવનેશ્વરી ’ કહે છે. ગાયત્રીની આ દિવ્યધરા પર જે અવતારે છે, તેને ઐશ્વર્યના અધિપતિ બનવાનું હકફળ મળે છે.**

ચેતનાના અન્નાદાનુભૂતિનો આનંદ જેમાં ભરેલો તેને ભુવનેશ્વરી કહે છે. ગાયત્રીની આ દિવ્યધરા પર જે અવતારે છે, તેને વિશ્વભરના ઐશ્વર્યના અધિપતિ બનવાનું હકફળ મળે છે. ભૌતિક દૃષ્ટિકોણથી સમજાયું કે ભુવનેશ્વરીની ભૂમિકામાં પહોંચવાથી ઉપાસક પણ લગભગ સમાન સ્તરની ભાવના સંવેદનાઓથી ભરપૂર બને છે.

વૈભવ માટે ભૌતિક સુખસાધનની જરૂર છે. ઐશ્વર્યની ઉપલબ્ધિ પણ સ્વયં પુરુષાર્થથી જ શક્ય છે. વ્યાપક આશીર્વાદની અનુભૂતિ અને સામર્થ્ય પ્રાપ્ત કરવા માટે ઉપાસનાશીલ પુરુષાર્થ કરવા પડે છે. ગાયત્રીની ઉપાસનામાં આ સ્તરના સિદ્ધાંત જે કાયદાના વિધાનોની અંતગર્તની જાતિ છે તેને ‘ભુવનેશ્વરી’ કહે છે.

ભુવનેશ્વરીનું સ્વરૂપ, આંદોલન, આસન વગેરેનું સંક્ષિપ્તમાં આ પ્રકારનું છે. માળા-નિયમિતતા અને સંમતિ મૌન તેમજ લાગણીનું પ્રતીક છે. આસન-શાસન પાઠ-સર્વોચ્ચ સત્તાના પ્રતીક છે

વિક્રમ સવંત પ્રમાણે સમગ્ર વર્ષ દરમિયાન આવતા નાના મોટા બધા જ ઉત્સવો ભુવનેશ્વરી પીઠમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ઊજવવામાં આવે છે. પોષી પૂનમ, માહ માસ નવરાત્રી, વસંતપંચમી, મહાશિવરાત્રી , હુતાશની, ચૈત્રી નવરાત્રી, રામનવમી, ભુવનેશ્વરી પાટોત્સવ, વટસાવિત્રી વ્રત, અષાઢી નવરાત્રી, ગુરુ પૂર્ણિમા, રક્ષાબંધન, કૃષ્ણ જન્મોત્સવ, આસો માસનાં મોટાં નોરતાં, વિજય દશમી, શરદ પૂર્ણિમા, ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી, નૂતન વર્ષ વગેરે વિધિસર ઊજવાય છે.

આગામી તા. ૧૬ મે થી ૨૦ મે વૈશાખ વદ પાંચમથી વદ નોમ સુધી પાંચ દિવસ ભુવનેશ્વરી માતાજીને ૭૧મો પાટોત્સવ ઊજવાશે. પાટોત્સવમાં બ્રાહ્મણો દ્વારા શતચંડી પાઠ કરાશે. રાજોપચાર પૂજા સમૂહ કથા કરશે. ગોંડલ પીઠસ્થાનમાં પાટોત્સવ ખૂબ જ ધામધૂમથી ઊજવવામાં આવે છે. ■

**દ્રૌપદીએ બ્રાહ્મણ દેહ અશ્વત્થામાને બંધનમાંથી મુક્ત કરવાની વિનંતી કરતાં કહ્યું, ‘આને દોડી દો... બ્રાહ્મણ હંમેશાં પૂજનીય છે. આને મુક્ત કરો**

# રસરાજ શ્રીમદ્ ભાગવત દ્વારા નિર્વૈરબુદ્ધિનો પ્રાદુર્ભાવ



ગીતાજ્ઞાન
અમિત ત્રિવેદી

**શ્રીમદ્** ભાગવતના પ્રથમ સ્કંધમાં 7મો અધ્યાય ‘પાંડવોનાં બાળકોના વધ માટે અશ્વત્થામાને શિક્ષા’નો છે. શ્રીમદ્ ભાગવતના પ્રસ્તુત અધ્યાયમાં ભક્તના નિર્વૈરભાવનું દિવ્યદર્શન થાય છે.

કૌરવો-પાંડવોના યુદ્ધમાં કૌરવોની સેનાને ગંભીર ક્ષતિ પહોંચી હતી. આ સમયે ગુરુ દ્રોણપુત્ર અશ્વત્થામાએ દુર્યોધનની પ્રીતિ અર્થે દ્રૌપદીના નિદ્રાધીન પુત્રોને મરણને શરણ પહોંચાડ્યા. આ પ્રકારે અશ્વત્થામાએ અત્યંત નિંદનીય કાર્ય કર્યું. પોતાના નિદ્રાધીન પુત્રોની આ પ્રકારે હત્યા થવાથી દ્રૌપદી અત્યંત સંતાપ કરવા લાગી, અર્જુને દ્રૌપદીને સાંત્વન આપતા કહ્યું, ‘હે દ્રૌપદી! એ નીચ દ્રોણપુત્રનું મસ્તક હું મારા ધનુષ્ય બાણ છેદીને તારી પાસે લાવીશ. તું એ મસ્તકને પાટલો બનાવી તેની ઉપર બેસી સ્નાન કરજે.’

દ્રૌપદીને આશ્વાસનરૂપી વચન કહીને સારથિ શ્રીકૃષ્ણને સાથે લઇ, અર્જુન અશ્વત્થામાની સાથે યુદ્ધ કરવા ચાલી નીકળ્યો. અર્જુનનો રથ દૂરથી આવતો જોઇ અશ્વત્થામા આકુળ-વ્યાકુળ થઇ ગયો અને બચાવ માટે અશ્વત્થામાએ છેવટનો ઉપાય અજમાવ્યો. તેણે મંત્રોચ્ચાર કરી બ્રહ્માસ્ત્રનું આવાહ્ન કર્યું અને અર્જુન તરફ સંધાન કર્યું. અતિભયંકર ગતિ સાથે તેમજ હાડ બાળી નાખનાર અગનજ્વાળા વરસાવતું અસ્ત્ર જોઇ અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું, ‘હે પ્રભુ! આ અસ્ત્રને હું જાણી નથી શકતો.’ શ્રીકૃષ્ણે કહ્યું, ‘હે અર્જુન અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્રનું સંધાન કર્યું છે, પણ બ્રહ્માસ્ત્રને પાછું વાળવાની વિદ્યાથી તે અજાણ છે. માટે, તું બ્રહ્માસ્ત્રનું સંધાન કર અને અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રને શાંત કર.’

અર્જુને બ્રહ્માસ્ત્રનું સંધાન કર્યું. અર્જુનનું બ્રહ્માસ્ત્ર અશ્વત્થામાએ છોડેલા બ્રહ્માસ્ત્ર તરફ ગતિ કરવા લાગ્યું. છેવટે અર્જુનના બ્રહ્માસ્ત્રમાં અશ્વત્થામાનું બ્રહ્માસ્ત્ર વિલીન થયું. બ્રહ્માસ્ત્રના શમન બાદ ક્રૂર અશ્વત્થામાને અર્જુને દોરડાથી બાંધી લીધો. આ સમયે શ્રીકૃષ્ણે અર્જુનની ધર્મબુદ્ધિની પરીક્ષા કરવા ખાતર કહ્યું, ‘હે અર્જુન! આ આતતાયીને, પાપીને હણ.’ શ્રીકૃષ્ણની આવી પ્રેરણા છતાં અર્જુને તે પ્રમાણે ન કર્યું અને છાવણીમાં સંતાપ કરતી દ્રૌપદી સમક્ષ અશ્વત્થામાને હાજર કર્યો.

ગુરુપુત્ર અશ્વત્થામાને બંધનમાં જોઇ દ્રૌપદીનું કોમળ હૃદય દયાથી છલકાઇ ગયું. દ્રૌપદીએ બ્રાહ્મણ દેહ અશ્વત્થામાને બંધનમાંથી મુક્ત કરવાની વિનંતી કરતાં કહ્યું, ‘આને દોડી દો... બ્રાહ્મણ હંમેશાં પૂજનીય છે... આ ગુરુપુત્ર છે... આને મુક્ત કરો.’ ત્યારબાદ શ્રીકૃષ્ણ ભગવાનનો અભિપ્રાય જાણી અર્જુને અશ્વત્થામાના મસ્તક પરનો મણિ કેશ સહિત તલવાર દ્વારા અર્જુને લઇ લીધો અને તેને છાવણીની બહાર કાઢી મૂક્યો.

શ્રીમદ્ ભાગવતના પઠનથી મનુષ્ય માત્રમાં વિવેકપૂર્ણ આચરણનો પ્રાદુર્ભાવ થાય છે. ■

# પ્રભુના પ્યારા પુનિતજી

સેવાભક્ત
રજનીભાઇ ભગત

**સંત** મહાત્માઓ, મુનિગણ, સિદ્ધપુરુષોના ત્યાગ અને તપશ્ચર્યાથી પાવન બનેલી આ ભારતભૂમિમાં આપણું માનવ જીવન ધબકતું અને ચેતનવંતુ રહ્યું છે એ આપણી સંસ્કૃતિનું ઊજળું પાસું છે. ગુર્જરભૂમિમાં ભક્તિભાવના સંદર્ભમાં નરસિંહ મહેતા પછી આપણે સૌ પ્રભુના પ્યારા પુનિતજીને પણ સદાય યાદ કરીએ છીએ, કારણ કે ભગવાન શ્રીકૃષ્ણએ ગીતાજીમાં સ્પષ્ટ કહ્યું છે કે ‘ન મે ભક્ત પ્રણશ્યતિ’ મારો ભક્ત સદાય અજરઅમર છે.

ગુજરાતનાં ઘરેઘરમાં-લોકહૃદયમાં પુનિતજીએ સેવાભક્તિ-ભક્તિભાવનો મંગલદીપ પ્રગટાવી પ્રત્યેકના જીવનને ઉજાગર કર્યું છે. સૌમાં ભક્તિના સંસ્કારોનું સિંચન કરી સૌને પ્રભુના માર્ગે વાળ્યા છે.

પુનિતજીના ભક્તિભીના હૃદયમાંથી અસ્ખલિત રીતે વહેતાં થયેલાં હજારો ભજનો આજે એવા લોકપ્રિય બન્યાં છે કે મોટા મોટા વક્તાઓ અને અન્ય ભજનિકો વારંવાર તેમનાં પ્રવચન-કથાકીર્તનમાં પુનિતજીનાં ભજનો ગાય છે અને ગવડાવે છે.

ભજનોની આ ભાગીરથી ગંગાના કિનારે કોઇ આચમન કરી ધન્ય બને છે તો કોઇ વળી ખોબે ખોબે પીને પાવન બને છે અને કંઇક તો વળી ડૂબકી લગાવી રસબસ બને છે. કારણ કે પ્રત્યેક ભજન એ વંદન ઋચા કે મંત્ર સમાન છે. પુનિતજી રચિત ગણપતિ વંદના અતિ લોકપ્રિય છે.

**પહેલાં સમરુ ગણપતિ દેવા**
**વિઘન દેજો ટાળી!**

સદાય ભજન ભાવમાં મસ્ત રહેતા પુનિતજીએ ભજનની રીત બતાવી છે.

**લેવું નંદકુંવરનું નામ તાલી પાડી પાડીને,**
**લેવું આઠે પહોરે નામ તાલી પાડી પાડીને...**
**ખૂબ ભજન કરો પાપો બધાયે બળવાનાં**
**જે અનન્ય ભાવે હરિ ભજતા**
**એના વિષય વિકારો ટળવાના...**

નામસ્મરણના મહિમા માટેનાં ભજનો અનેક છે.

**હરિના નામનો હો એક જ આધાર છે,**
**જીવનસંગ્રામનો હો એક જ આધાર છે.**
**દુ:ખોના દરિયે પુનિત બેટ છે,**
**બેસી જવાનો હો એક જ આધાર છે.**
**દુર્લભ મનુષ્યદેહ માટે તેમનો સંકેત છે.**
**ઉઘાડો આંખો આયુષ્ય વહી જાય છે**
**પુનિત કહે છે એનું દિલડું દુભાય છે.**
**સોનાની કાયા અંતે રાખમાં રોળાય છે!**
**જાગજે જાગજે જીવડા જાગજે રે**
**તારી મૂડી મફતમાં જાય.. જાગજે**



**ગુજરાતનાં ઘરેઘરમાં પુનિતજીએ ભક્તિભાવનો મંગલદીપ પ્રગટાવી પ્રત્યેકના જીવનને ઉજાગર કર્યું છે. સૌમાં ભક્તિના સંસ્કારોનું સિંચન કરી સૌને પ્રભુના માર્ગે વાળ્યા છે**

**વિરહ વેદના વ્યક્ત કરતાં કહે છે**
**ડગલે ડગલે વ્હાલા! તું તો સાંભરે**
**કેમ કરીને નીરખું તારું મુખ જો...**

શરણાગતિનાં તેમનાં ભજનો ખૂબ જ હૃદયસ્પર્શી છે.

**શરણે આવ્યો જીવનના રખવાળ રે**
**વ્હાલા! તારે ચરણે લોટે બાળ રે,**
**નાથ, જેવો નિભાવ્યો નિભાવી લેજે**
**મારી પાસે સદાય તું ઊભો રહેજે..**
**કરે પુનિત પોકાર અંતરથી**
**જેવો તેવો પણ તારો**
**હાથ પકડ પ્રભુ મારો**
**પુનિતના અંતરની વાણી**
**અંતરયામી લે તું જાણી**
**એક જ તું છે સહારો ...હાથ**
**હા રે વ્હાલા અરજી અમારી સુણો શ્રીનાથજી**
**લઇ જાજે તારા ધામમાં...**

આજે લોકપ્રિય રચના બની ગઇ છે.

પુનિતજીનું જીવન ભક્તિમય અને સેવાપરાયણ હતું. પુનિતજીએ સેવા-સ્મરણની ધુણી ધખાવી સમગ્ર જીવન તન, મન ધનથી સમર્પિત બની પ્રભુનું રૂડું કામ કર્યું તેથી જ આપણે કહીએ છીએ પ્રભુના પ્યારા પુનિતજી. તેમનાં વિપુલ ભજન ભંડારામાંથી થોડાંક કીમતી રત્નોની જાણ કરી માત્ર આપણે અમૃતધારાનું આચમન કર્યું છે. પુનિતજી રચિત જય કાના કાળા પ્રભુ જય કાના કાળાની આરતી સર્વત્ર ગવાય છે. તેઓએ સમગ્ર જીવન રામરામના મંત્ર લેખનના પ્રચારમાં તેમજ પુનિત રામાયણ અને અનેક આખ્યાનોની રચનામાં ગાળ્યું. જેમાં ચૈતન્ય ચરિત્ર, તુકારામ ચરિત્ર, તુલસીદાસજી ચરિત્ર, મીરાં ચરિત્ર તેમજ ભક્તોનાં આખ્યાનોમાં બોડાણો, નરસિંહ મેહતા, શ્રીમનસુખ માસ્તર, મીરાં, સુરદાસ, જેસલતોરલ વગેરે અનેક છે.

**રામ રામ કરતાં જીવીએ-મરીએ**
**એટલી રહી છે અંતરમાં આશ... રામરામ**

ગાનાર પુનિતજી એ વડોદરામાં ભજન કરતાં કરતાં આ નશ્વર શરીરનો ત્યાગ કર્યો ત્યારે કહેતા ગયા હું તો જાઉં છું મારે ગામ સૌને છેલ્લા છે રામ રામ... આવા ભજનભાવના મસ્ત ફકીર પ્રભુના પ્યારા પુનિતજીની જન્મજયંતીએ તેમનાં ચરણોમાં કોટિ કોટિ વંદન. ■





